# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

### (દિવ્યાંગ ઉમેદવારોની પસંદગી માટે છૂટછાટનું ધોરણ (Relax Standard) નિયત કરવા બાબતે.)

ભારત સરકારના The Rights of Persons with Disabilities Act, 2016 ના અનુસંધાને રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા. ૧૭.૦૯.૨૦૨૧ ના ઠરાવથી દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર ટકા અનામત રાખવા બાબતે નીતિ નિર્ધારિત કરવામાં આવેલ છે અને દિવ્યાંગતાના પ્રકારો તથા દિવ્યાંગ ઉમેદવારોની ભરતી સંબંધી સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે.

આયોગ દ્વારા પ્રસિદ્ધ થતી જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા સામે પુરતી સંખ્યામાં દિવ્યાંગ ઉમેદવારોનો પસંદગી યાદીમાં સમાવેશ થતો ન હોય તો, સંબંધિત Vertical Reservation (એટલે કે EWS/SEBC/SC/ST) કેટેગરીના કટ ઓફ માર્ક્સના ૧૦% જેટલું ધોરણ હળવું કરીને કુલ અનામત જગ્યાઓ પૈકી બાકી રહેતી અનામત જગ્યાઓ સામે દિવ્યાંગ ઉમેદવારોની પસંદગી કરવાની નીતિ અમલમાં હતી. હવે દિવ્યાંગ ઉમેદવારોની પસંદગી માટેની તકો વધુ વ્યાપક બને, તે હેતુથી આયોગને આ જોગવાઇમાં ફેરફાર કરવો જરૂરી જણાય છે.

**આથી, જો જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે દર્શાવેલ અનામત જગ્યાઓ સામે પસંદગી યાદીમાં પુરતી સંખ્યામાં દિવ્યાંગ ઉમેદવારોનો સમાવેશ ન થતો હોય તો, પસંદગી યાદી પરનાં Last Meritorious Candidate (દા.ત. અનુસૂચિત જનજાતિની મહિલા) એ મેળવેલ ગુણનાં ૧૦% ગુણ જેટલું ધોરણ હળવું કરીને કુલ અનામત જગ્યાઓ પૈકી બાકી રહેતી અનામત જગ્યાઓ સામે દિવ્યાંગ ઉમેદવારોની પસંદગી કરવાનો આયોગે તા. ૨૨.૦૯.૨૦૨૧ ના રોજ નિર્ણય કરેલ છે.** પસંદગી પામતા દિવ્યાંગ ઉમેદવારોને તેમની સંબંધિત કેટેગરી (એટલે કે બિન અનામત અથવા EWS/SEBC/SC/ST) ની જગ્યાઓ સામે ગણતરીમાં લેવામાં આવશે.

તા. ૨૩.૦૯.૨૦૨૧ — સંયુક્ત સચિવ

ગાંધીનગર — ગુજરાત જાહેર સેવા આયોગ